# દૂરવર્તી શિક્ષણમાં શૈક્ષણિક ગ્રંથાલયની ભૂમિકા

ડૉ. ચેતના શાહ
ગ્રંથપાલ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ.

**પ્રસ્તાવના**

કોઈપણ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ તેની શિક્ષણ સુવિધા અને વિશેષ કરીને વિશ્વવિદ્યાલયોની સુવિધા પર એકંદરે આધારિત છે. શિક્ષણ એ આજીવન ચાલતી સતત પ્રક્રિયા છે. જન્મથી જન્માન્ત સુધી એ માનવજીવન સાથે સંકળાયેલ છે. લોકશાહીના ઉદય સાથે **"સૌને માટે શિક્ષણનો મંત્ર સૌ રાષ્ટ્રોએ સ્વીકાર્યો છે."** યુનેસ્કોએ આ મંત્રમાં પ્રાણ પુર્યા છે. સૌને સાથે રાખી પ્રોત્સાહિત કર્યા છે. સૌને માટે શિક્ષણ અને વિકાસની ઉમદા તક અને આદર્શ આજના યુગનો તકાજો છે. વૈયકિતક ધોરણો સહિત સમાજનો વિકાસ એ શિક્ષણનો પાયાનો હેતુ છે.

શિક્ષણ બે રીતે સુલભ કરી શકાય છે. (૧) વૈધિક  શિક્ષણ (૨) અવૈધિક શિક્ષણ વૈધિક શિક્ષણ વર્ગ ખંડમાં મેળવી શકાય તે નિશ્ચિત પાઠયક્રમ આયોજન અને ધ્યેય  સાથેનું હોય છે. અવૈધિક શિક્ષણ અનુકૂળ સ્થળે સમય અને સમજદારીના સ્તરે  સુલભ કરી શકાય છે. જે જડ નીતિ નિયમોથી પર  હોય છે. તે મર્યાદિત હેતુઓ  અને ધ્યેયો ધરાવે છે.

## 1. ઉદ્ભવ

આઝાદી પછી ઉત્સાહ અને ઉમદા આયોજનના કારણે ભારતમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર વધતો જાય છે. સૌ માટે શિક્ષણની સમાન તક એ આજના યુગની મહત્વપૂર્ણ માંગ છે. દરેક વ્યકિતને તેની યોગ્યતા અનુસાર શિક્ષણ આપવાની જવાબદારી રાજય સરકાર અને કેન્દ્ર સરકારની છે.

કૂદકેને ભૂસકે વધતી જતી વસ્તીના પરિણામ સ્વરૂપ પ્રવેશાર્થીઓનો અપ્રતિમ ઘસારો બીજી બાજુ શૈક્ષણિક સંસ્થાઓની પ્રવેશ મર્યાદાને કારણે દરેક વ્યકિતને ઉચ્ચ શિક્ષણની ઉમદા તક મળતી નથી આ સમસ્યાના હલ સ્વરૂપ "Distance Education" નો જન્મ થયો. દૂરવર્તી શિક્ષણ માટે ભિન્ન ભિન્ન શબ્દો પ્રયોજવામાં આવે છે. જેમ કે Correspondance study/ Education, Home study, Independent study, External studies, Distance teaching and Distance Education….? આ પ્રથાનો ઉદ્ભવ મૂળ ઈંગ્લેન્ડ ના શૉર્ટ હેન્ડના સાપ્તાહિક પાઠો દ્વારા પોસ્ટલ ટયુશન આપવાના અનોખા અભિગમમાં રહેલું છે. 1960 માં બ્રિટન (યુ. કે) આ દૂરવર્તી શિક્ષણ વ્યવસ્થાનો પ્રારંભ કર્યો હતો. કાળક્રમે દૂરવર્તી શિક્ષણ પ્રથાનો પ્રચાર–પ્રસાર વિશ્વભરમાં થતો ગયો. વિશ્વની પ્રથમ ઓપન યુનિવર્સિટી 1969 માં ઈંગ્લેન્ડમાં સ્થપાયી. ભારતમાં પત્રવ્યવહાર દ્વારા શિક્ષણનો પ્રારંભ 1962 માં દિલ્હી યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ, 1982 માં ભારતની પ્રથમ ઓપન યુનિવર્સિટી આંધ્રપ્રદેશ ઓપન યુનિવર્સિટી છે. આ પ્રથાના રાષ્ટ્રીય સ્તરે વ્યાપક પ્રચાર અને પ્રસાર માટે જાન્યુ. 1985 દરમિયાન કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ઓપન યુનિવર્સિટી સ્થાપના માટે એક નીતિવિષયક નિવેદન કર્યુ. તદ્ઉપરાંત ઈગ્નુ અંગે પ્રોજેકટ ઘડી કાઢવા માટે શિક્ષણ મંત્રાલયે એક સમિતિ રચી અને પ્રોજેકટ અહેવાલના આધારે કેન્દ્ર સરકારે પાર્લામેન્ટમાં ઈગ્નુ રજુ કર્યુ. ૨૦ સપ્ટેમ્બર 1985ના રોજ સ્વ. વડાપ્રધાન ઈંદિરા ગાંધીના નામે **"ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી"** IGNOUની સ્થાપના થઈ. ઈગ્નૂ અને આંધ્રપ્રદેશની બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સફળતાથી રાજસ્થાન, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, છત્તીશગઢ વગેરે જેવા રાજયમાં ઓપન યુનિવર્સિટીની શરૂઆત થઈ. ગુજરાત રાજયની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 (1992માં સુધારેલી) દ્વારા ઉચ્ચ શિક્ષણ માટેની તકો વધારવા, શિક્ષણનુ લોકશાહીકરણ કરવા તેમજ તેને અવીરત પ્રક્રિયા બનાવવાના હેતુથી ઓપન યુનિવર્સિટીનું શિક્ષણ વિદ્યાર્થીને મજબૂત અને વ્યાપક બનાવવાનું જણાવ્યું છે. આને પગલે કેન્દ્ર સરકાર દ્વારા બનાવેલ નિર્ણય દેશમાં રાષ્ટ્રીય કક્ષાને ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા દરેક રાજયમાં અલાયદી ઓપન યુનિવર્સિટી થાય તેવી વ્યવસ્થા વિચારવામાં આવી. જે મુકત શિક્ષણપદ્ધતિમાં  રહેલ પરિવર્તન ક્ષમતા અને નાવીન્યપણું દેશના નાગરિકોની વિવિધ જરૂરિયાતો સંતોષી શકે. ગુજરાત સરકારે ઓર્ડિન્સ નં 5/1994 દ્વારા 13 એપ્રિલ, 1994ના એકસ્ટ્રા ઓર્ડિનરી પ્રકાશિત થયેલ જે પાછળથી આ ઓર્ડિન્સ ગુજરાત વિધાન સભામાં ગુજરાત અધિનિયમ નં 14/1994 તરીકે કાયદાનું કાયમી

રૂપ આપી 1994માં "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" ના નામથી શરૂ થઈ. આજે દેશભરમાં કુલ 13 ઓપન યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ આપવામાં આવે છે.

**2. દૂરવર્તી શિક્ષણ**

કોઈપણ કક્ષાના પ્રાથમિક, માધ્યમિક કે તૃતિય પંકિતની શિક્ષણની પ્રણાલિકાગત વ્યવસ્થામાં નિશ્ચિત સમયે નિયમિત રીતે વિદ્યાર્થીઓ અને શિક્ષકો જયાં ભેગા મળે છે. તે વર્ગખંડોમાં અધ્યાપન થાય છે. જયારે દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થીએ સ્વઅધ્યયન અધ્યાપન માટેની અભ્યાસ સામગ્રીનો ઉપયોગ કરીને દૂર અંતરે અધ્યાપનની પ્રવૃતિમાં સંલગ્ન રહેવાનું હોય છે. શિક્ષણ વર્ગખંડની બહાર જ હોય છે. વિદ્યાર્થી પોતાની અનુકૂળતા પ્રમાણે સ્વઅધ્યયન કરે છે. દૂરવર્તી શિક્ષણ એ તંત્રબંધ આયોજન સ્વઅધ્યયન સ્વરૂપની એવી શિક્ષણપ્રથા છે કે જેમાં વિચાર માટે, સલાહ માર્ગદર્શન અધ્યયન સામગ્રીનું નિર્માણ અને અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓના નિરીક્ષણની વ્યવસ્થા થાય છે. કેટલાક વિદ્વાનોમાં તેની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કરેલ.

**3. હોમબર્ગ**

હોમબર્ગ (૧૯૮૧) દુરવર્તી શિક્ષણની વ્યાખ્યા આપતા કહે છે કે "આ એક એવી શિક્ષણપ્રથા છે કે જે બધા જ સ્તરે અધ્યન એવા વિવિધ સ્વરૂપોને આવરી લે છે કે એક જ પરંપરાગત પ્રવચન ખંડમા ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓનું અધ્યાપકો સતત અને ત્વરિત નિરિક્ષણ કર્યા કરે તે પ્રકારની નથી.'' પોતે તેના આયોજન, માર્ગદર્શન અને અધ્યાપન કાર્યના સંગઠિત પ્રયાસો દ્વારા તેમને ફાયદો થાય છે. ટુંકમાં દૂરવર્તી શિક્ષણ એટલે "ભારતીય સાહિત્યના ભુલાયેલા વારસાને પુનઃ જીવિત રાખવાનું ગુરુકુળની ગરજ સારતું માધ્યમ ટુંકમાં દૂરવર્તી શિક્ષણ એટલે

- પ્રત્યક્ષ શિક્ષણને બદલે પરોક્ષ શિક્ષણ
- સ્વ અધ્યયન
- સ્વેચ્છાએ હાજરી બંધનમાંથી મુકિત
- સમયનો ઉપયોગ
- ભારવિનાનું ભણતર
- આજીવન શિક્ષણ
- ગુરુ શિષ્યની વ્યવસ્થા પછીનું માધ્યમ
- શિક્ષણનું લોકશાહીકરણ
- લોકશિક્ષણ
- કામકાજની સાથે સાથે ભણતર
- શિક્ષણની સમાન તક
- જ્ઞાનના પ્રચાર પ્રસાર દ્વારા રાષ્ટ્રના વિકાસમાં પ્રચાર

**4. ઉદ્દેશો**

- વસ્તીના વિશાળ જનસમૂહનમાંથી વિશેષતઃ સુવિધા વિહિન અને વંચિત જનસમૂહોને ઉમદા શિક્ષણની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવવી.
- વિશિષ્ટ વર્ગમાં આવરી લેવામાં આવતાં શિક્ષણનો લાભ આપવા : લોક સમુહો.
- મહિલાઓ, દલિત પીડિત પછાત વર્ગો પ્રાંતીય ક્ષેત્રોમાં વસતાં વિવિધ જનસમૂહોને ઉચ્ચ શિક્ષણથી લાભાન્વિત કરવા.
- વિશિષ્ટ શિક્ષણથી વંચિત રહેલો આર્થિક દ્દષ્ટિએ પછાત વર્ગોને ઉતેજન આપવું.
- જ્ઞાન કૌશલ્યોનાં વિકાસ માટે નિરંતર શિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરવું.
- પુરસ્કૃત પ્રૌદ્યોગિકરણમાં બહુવિધ સાધનો દ્વારા શિક્ષણ અને પ્રશિક્ષણનું પ્રસારણ કાર્ય કરવું.
- વસ્તીથી શિક્ષણ સુલભ કરવાથી વંચિત રહેલા વ્યાપક વર્ગને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની ઉમદા તક આપવાનું આયોજન કરવું.
- પંચવર્ષિય યોજનાઓના પ્રસ્તુતીકરણમાં શૈક્ષણિક કલ્યાણની અભિવૃદ્ધિ કરવી.
- રાજયના શૈક્ષણિક માળખામાં દૂરવર્તી શિક્ષણના સંસ્થાપનમાં રાહબર બનવું.

**5. શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણ માટેની નવી શિક્ષણ નીતિ**

પમી જાન્યુઆરી, ૧૯૮પમાં સદગત ઉત્સાહી વડાપ્રધાન શ્રધ્ધેય શ્રી રાજીવગાંધી દ્વારા નવી શિક્ષણ નીતિનો કાર્યક્રમોની રૂપરેખાનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. ૨૦મી ઓગષ્ટ, ૧૯૮પમાં તે વખતના કેન્દ્રના શિક્ષણમંત્રી શ્રી કૃષ્ણવદન પંતે

સંસદમાં નવી શિક્ષણની નીતિનો મુસદો રજૂ કર્યો. તેમાં આ નવી શિક્ષણની વિશેષતા એ હતી કે તે શિક્ષક કેન્દ્રિત ન બનતા સ્વાધ્યાયલક્ષી પ્રશિક્ષણને સવિશેષ મહત્વ આપવામાં આવ્યું. પરિણામે વિદ્યાર્થીગણમાં શ્રમસાધ્યતા વધી. તદ્દન અદ્યતન દૂર સંચારના માધ્યમ વડે સમૂહ શિક્ષણ (માસ મિડિયા) અને દુરોગામી શિક્ષણ (ડીસ્ટન્સ એજ્યુકેશન) પર ભાર મુકયો. આ નવી શિક્ષણનીતિમાં કોમ્પ્યુટર બેઈઝડ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો ઉપયોગ અધિક બન્યો. વિકાસની વાત સમુચિત રીતે કરવામાં આવી. અગાઉની સુધારા પાત્ર શિક્ષણનીતિ ૧૯૮૬માં ફરીથી ઉપર જણાવ્યા મુજબ નવા જ સ્વરૂપમાં રજૂ કરવામાં આવી. અદ્યતન, અભિનવ અને ઉમદા શિક્ષણ પુરું પાડવા માટે જુદી જ અલાયદી ચેનલનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું. વિવિધ અભ્યાસક્રમોનો અભ્યાસ ઘરે બેઠા કરી પદવી પ્રાપ્ત કરી શકાય તેવી સુવિધા સૂચવાઈ તે માટે ખુલ્લા વિશ્વ વિદ્યાલયની સ્થાપના રાષ્ટ્રીય કક્ષાએ કરવામાં આવી. તેમા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્રોનો પ્રારંભ કરાયો. જે ઉચ્ચશિક્ષણ ઉપલબ્ધ કરવા માટેનું એક અગત્યનું કેન્દ્ર લેખાય છે. શિક્ષણ સંસ્થાના અવિભાજય અંગ તરીકે ગ્રંથાલયને ગણવામાં આવ્યું. તેના સફળ સ્વરૂપે ૧૯૭ વિશ્વવિદ્યાલયોના ગ્રંથાલયો શિક્ષણ અને પ્રશિક્ષણમાં પ્રવૃત થયાં.

1. સ્ત્રી શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણમાં સહભાગી બની સમાજમાં નિરક્ષરતાનું નિવારણ કરવું અંધશ્રધ્ધા અને વહેમોને દૂર કરી સુયોગ્ય સમાજનું ઘડતર કરવું.
2. શિક્ષણની ઉત્તમ ગુણવતા માટે વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવું તથા શિક્ષણની ગુણવત્તા વધારવા સતત નાવીન્ય પ્રદાન કરવું.
3. રાષ્ટ્રમાં ઉચ્ચ શિક્ષણના મહત્તમ વિકાસ માટે નવા–નવા અભ્યાસ કેન્દ્રો સ્થાપવામાં સહકાર આપવો.

વિકસતા જતા શૈક્ષણિક યુગમાં વિશ્વના અદ્યતન પ્રવાહો સાથે કદમ મિલાવવા, તેને સાકાર કરવા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સદા પ્રવૃત રહીને ઉચ્ચ શિક્ષણની સંસ્કારિતા સભર સઘળી જરૂરિયાતોના સંદર્ભમાં જોગવાઈ કરવી તેના માટે સદા સર્વદા જાગૃત રહીને યોગ્ય નીતિ નિર્માણ કરી તેનો અમલ કરાવવો.

## 6. દૂરવર્તી શિક્ષણના વિકાસમાં ગ્રંથાલયની ભૂમિકા

આજના યુગમાં વધતા જતા ફીના ધોરણો અને વસ્તી વધારાને લીધે સૌ કોઈ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકતું નથી આ સમસ્યાના હલ સ્વરૂપે "દૂરવર્તી શિક્ષણ" Distance Education પ્રથા ખુબજ ઉપકારક નીવડી છે. ભારત જેવા લોકશાહી દેશમાં "દૂરવર્તી શિક્ષણપ્રણાલી" એ શિક્ષણનું લોકશાહીકરણનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. ડૉ. રામ રેડીએ ઓપન યુનિવર્સિટીઓને New temples of Learning તરીકે નવાજેલ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથાલયની અનિવાર્યતા શિક્ષણકારો અને શિક્ષણપંચોએ સ્વીકારી છે. કોઠારી કમિશને સ્પષ્ટ ભલામણ કરી છે કે કોઈપણ નવી યુનિવર્સિટી કોલેજ અથવા વિભાગ તેના ગ્રંથાલયની જરૂરીયાત કર્મચારીઓ, પુસ્તકો, સામયિકો, ભૌતિક સુવિધાઓ વગેરેને ધ્યાનમાં લીધા સિવાય સ્થાપવા ન જોઈએ. આમ જો પરંપરાગત શિક્ષણ પ્રથામાં ગ્રંથાલય અનિવાર્ય હોય તો દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં કેમ નહી?

હકીકતમાં અહિયાં અધ્યાપકોની અનુપસ્થિતિમાં વિદ્યાર્થીઓને આપમેળે અભ્યાસ કરવાનો હોવાથી ગ્રંથાલય સેવા અતિ આવશ્યક બની જાય છે. આ પધ્ધતિમાં ગ્રથાંલયનું સ્થાન અદ્વિતીય ગણાય. **"ગ્રંથાલય એતો ઉચ્ચ શિક્ષણનું પ્રવેશદ્વાર છે."** Open learning પદ્ધતિમાં રાખવામાં આવતા વિદ્યાર્થીઓના સ્વાધ્યાય સરળ, સુગમ અને સહજ બનાવવા માટે ગ્રંથાલય વ્યવસ્થા હોવી અતિ આવશ્યક છે. **"વર્ગખંડમાં આપવામાં આવતા શિક્ષણની પુર્તિ ગ્રંથાલય વિના શકય નથી"** એટલે જ કહેવું જોઈએ કે **"શિક્ષણમાં ગ્રંથાલય નહીં પણ ગ્રંથાલયમાં શિક્ષણ હોવું જોઈએ."** માટે જ ઓપન યુનિવર્સિટી એ પોતાના પ્રચાર અને પ્રસાર માટે ગ્રંથાલયનો પ્રથમ સ્ત્રોત તરીકે ઉપયોગ કરવો જોઈએ. સામાન્ય રીતે ગ્રંથાલયોના પ્રકારની સાથે સાથે દુરવર્તી શિક્ષણમાં તેની ભુમિકા બદલાતી હોય છે. મહદ્અંશે દુરવર્તી શિક્ષણ પ્રમાણમાં સાર્વજનિક ગ્રંથાલયો અને શૈક્ષણિક ગ્રંથાલયોની મહત્ત્વની ભૂમિકા રહેલી છે.

## 7. શૈક્ષણિક ગ્રંથાલયની ભૂમિકા

સાર્વજનિક ગ્રંથાલયોની તુલનામાં શૈક્ષણિક ગ્રંથાલયો (શાળા, કોલેજ, યુનિવર્સિટી ગ્રંથાલયો) દૂરવર્તી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીની જરૂરીયાત સંતોષી શકે છે. તેમાં કોઈ શંકા નથી કે, દૂરવર્તી વિદ્યાર્થીઓને ટેકો આપવામાં જાહેર ગ્રંથાલયોએ અગત્યની ભૂમિકા ભજવવાની છે. પરંતુ મુકત્ત વિશ્વવિદ્યાલય અને બીજા વિશ્વવિદ્યાલયોના આ મિશનને સફળ બનાવવાની મુખ્ય જવાબદારી શૈક્ષણિક ગ્રંથાલયોની છે. દુરવર્તી શિક્ષણના ગ્રંથાલયો દૂરવર્તી વિદ્યાર્થીઓને ગ્રંથાલય સેવાઓ સહિત વિદ્યાર્થી સહાય સેવાઓ પુરી પાડવાની જવાબદારી બની જાય છે. શૈક્ષણિક ગ્રંથાલયોમાં સમૃદ્ધ ગ્રંથસંગ્રહ, આધુનિક શૈક્ષણિક ટેકનોલોજીની પ્રાપ્તિ માટે પ્રશિક્ષિત ગ્રંથાપાલોની સેવાઓનો ત્રિવેણી સંગમ છે. દરેક યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાના અભ્યાસક્રમમાં સમાનતા જોવા મળતી હોય છે. શૈક્ષિણ ગ્રંથાલયોમાં વાચન સામગ્રીના પ્રાપ્તિ વિદ્યાર્થી, સંશોધક અને અધ્યાપકોની જરૂરિયાત અને વિષયને અનુરૂપ કરવામાં આવતી હોય છે. આને કારણે

પુરકવાચન સામગ્રી અન્ય શૈક્ષણિક ગ્રંથાલયોમાં પણ પ્રાપ્ત થઈ શકે છે. શૈક્ષણિક ગ્રંથાલયોમાં કોઈપણ વિશેષ પ્રબંધ સિવાય દુરવર્તી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીની જરૂરિયાત સંતોષી શકે છે.

## 8. શાળા ગ્રંથાલયોની ભૂમિકા

આમ તો દૂરવર્તી શિક્ષણ વિશ્વવિદ્યાલયોથી શાળા તરફ ચલિત થયું છે. જે શાળામાં હાયસેકન્ડરી સ્કૂલમાં ગ્રંથાલયો હોય તેની યાદી તૈયાર કરવી જોઈએ. જે શાળાઓ પાસે કોલેજ કક્ષાના પુસ્તકો જેવી યાદી ગ્રંથાલય સેવા ઉપલબ્ધ હોય તેમને મર્યાદિત ધોરણે પણ દુરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે સગવડો આપવા સમજાવવામાં આવેતો જરૂર સગવડો પ્રાપ્ત થાય.

## 9. કોલેજ ગ્રંથાલયો

ઓપન યુનિવર્સિટી મોટે ભાગે કોલેજોમાં પોતાનાં કેન્દ્રો દ્વારા દુરવર્તી શિક્ષણ આપે છે. કોઈપણ ઓપન યુનિવર્સિટી નાણાંકીય અને ભૌગોલીક અવરોધોને લીધે દેશના પ્રત્યેક તાલુકા કે જિલ્લામાં સ્ટડી સેન્ટર ખોલી ન શકે બીજી બાજુ દુરવર્તી શિક્ષણના વિદ્યાર્થીની ગ્રંથાલય જરૂરીયાત સંતોષવા માટે કેન્દ્રીય ગ્રંથાલય સુધી આવવું શકય નથી આથી કોલેજ માં કેન્દ્રોની સ્થાપના કરી હોય તેના ગ્રંથાલયનો ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા કેન્દ્રોની સ્થાપનાના નિયમમાં કરવી જોઈએ. ઓપન યુનિવર્સિટીએ પોતાના કેન્દ્રોના ગ્રંથાલયો અને અન્ય કોલેજના ગ્રંથાલય સાથે સહકાર સાધીને ગ્રંથાલય સેવાઓ પુરી પાડવી જોઈએ. કોલેજના પ્રિન્સીપાલે ગ્રંથસંગ્રહ પોતાના વિદ્યાર્થી પુરતો સીમીત ન રાખતાં પોતાની કોલેજમાં કે સંસ્થામાં ચાલતા દુરવર્તી શિક્ષણના કેન્દ્રોના વિદ્યાર્થીઓ માટે ખુલ્લો મુકવો જોઈએ. તે માટે નિતિનિયમો રાખીને પણ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. શિક્ષણ કોણ આપે છે. કેવી રીતે આપે છે, તે બાબત ધ્યાને રાખ્યા સિવાય વિદ્યાર્થી On Campus હોય કે Off Campus વિદ્યાર્થી આવશ્યક સેવાઓ પુરી પાડવી જોઈએ. ગ્રંથાલયે ગુણવતા યુકત શિક્ષણના એક ભાગ રૂપે તેમાં વણાઈ જવું જોઈએ. આજના કોલેજ ગ્રંથાલયોમાં કેટલીક વાંચન સામગ્રી ઉપયોગ થયા વિનાની જોવા મળે છે. તેનો ઉપયોગ જો દૂરવર્તી શિક્ષણનાં વિદ્યાર્થી માટે થાય અને તે સાહિત્ય તેમને ઉપકારક હોયતો સોનામાં સુંગધ ભર્યા બરાબર થાય. આ અંગે કેટલાક વહીવટી પ્રશ્નો કે પુસ્તકો પરત નહી આવે તો? કોલેજના વિદ્યાર્થીને જરૂરી પુસ્તક કેવી રીતે આપી શકી શુ? આ બધી સમસ્યાના હલ સ્વરૂપ અનામત રકમ લઈને થોડુંક નુંકશાન થવાની તૈયારી સાથે પુસ્તકો ઈસ્યું કરવા જોઈએ.

ઓપન યુનિવર્સિટીને કેન્દ્રોના સંચાલન તરીકે ગ્રંથપાલને સ્થાન આપવામાં આવે તો તે સંયોજક પોતાના કામના સમય દરમ્યાન પોતાના ગ્રંથાલયનો ઉપયોગ કરવા દે. આમ જે કોલેજ કે સંસ્થા પોતાના ગ્રંથાલયનો ઉપયોગ કરવા દે તેને કેન્દ્ર તરીકે પ્રથમ માન્યતા આપવી જોઈએ અથવા કેન્દ્રોની સ્થાપનાના નિયમમાં દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીઓ માટે સંસ્થાના ગ્રંથાલયના ઉપયોગ અર્થેના નિયમો બનાવવા જોઈએ. અહીયાં અધ્યાપકોની અનુપસ્થિતિમાં આપ મેળે અભ્યાસ કરવાનો હોવાથી જો વિદ્યાર્થી કોલેજ ગ્રંથાલયમાં જશે તો વિષયને અનુરૂપ અધ્યાપકો અને પુસ્તકોના સંપર્કમાં આવીને પોતાના પ્રશ્નોનું સમાધાન હલ કરી શકશે.

## 10. વિશ્વવિદ્યાલય ગ્રંથાલય

વિશ્વવિદ્યાલય ગ્રંથાલયને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) ની પૂરતી ગ્રાન્ટ મળતી હોવાને પરિણામે તેમના ગ્રંથસંમુહના પુરતો વિકાસ થયો હોય છે. કેટલાક વિશ્વવિદ્યાલયો પત્ર વ્યવહાર અભ્યાસક્રમો અને નિરંતર શિક્ષણ કાર્યક્રમો પણ ચલાવે છે. તેઓ On Campus વિદ્યાર્થીઓ કરતાં ઓફ કેમ્પસ તરફ ઓરમાયુ વર્તન રાખે છે. નિયમિત વિદ્યાર્થીના સ્ત્રોતોની પ્રાપ્તિ માટે પુરતું ધ્યાન આપવામાં આવે છે. જયારે દૂરવર્તી વિદ્યાર્થીમાટે આ બાબતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી. ઉપરાંત વિશ્વ વિદ્યાલય ગ્રંથાલયો ઓછા છે. અને તે શહેરોમાં છે. જયારે દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી અંતરિયાળ વિસ્તારમાં દૂર દૂર સુધી વિસ્તરેલા છે. હાલમાં વિશ્વવિદ્યાલય ગ્રંથાલયો તેમના સ્ત્રોતોનો દૂરવર્તી વિદ્યાર્થીને મર્યાદિત ઉપયોગ કરવા મંજૂરી આપે છે. તેમાં થોડાક ફેરફાર કરીને વિશ્વવિદ્યાલય ગ્રંથાલયોને ઉચ્ચકક્ષાના સ્ત્રોત કેન્દ્રોમાં ફેરવી શકાય દૂરવર્તી શિક્ષણમાટે પ્રાદેશિક અને સ્થાનિક કેન્દ્રો સ્થાપવામાં આવે છે. ત્યાં માર્ગદર્શકોની જરૂર છે. તેને માટે વિશ્વ વિદ્યાલય ગ્રંથાલયો જો તેના સાચા સાથી બની શકે. આ ગ્રંથાલયોમાં દસ્તાવેજો અને વ્યવસાયિક કુશળ સ્ટાફ સમાવિસ્ટ હોય છે. તે દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીને સ્થાનિક માર્ગદર્શક તરીકે સારૂ માર્ગદર્શન કરી શકે. જુદી જુદી લાયકાત ધરાવનાર વ્યવસ્થાપક સ્ટાફને સાંકળી યોગ્ય સેવા પણ કરકસરભરી બની શકે. આ માટે ગ્રંથાલય સ્ટાફને પણ સહેલાઈથી તાલીમ બધ્ધ કરી શકાય છે. આ કાર્યક્રમોમાં યુનિવર્સિટી ગ્રંથાલયનો પણ સમાવેશ કરી શકાય બીજા વિષયોની સાથે સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું જ્ઞાન પણ ઉપલબ્ધ સાબિત થાય.

## 11. મુકત વિશ્વવિદ્યાલય ગ્રંથાલયો

ઓપન યુનિવર્સિટી કાર્યક્રમો ઓફર કરે અને તેની સગવડો પૂરી પાડવાની જવાબદારી ગ્રંથાલયએ સ્વીકારવી જોઈએ. મુકત વિશ્વવિદ્યાલય દ્વારા કેટલાક કેન્દ્રો ચલાવાય છે. પરંતુ તેઓ સંખ્યાની દ્દષ્ટિએ તેમજ પુસ્તકના સંગ્રહની દ્દષ્ટિએ

અપુરતા છે. દરેક કેન્દ્રોને ગ્રંથાલયની સગવડતા આપવી જોઈએ. અને તેમાં પૂરતાં પ્રમાણમાં પુસ્તકો હોવા જોઈએ તેમાં પૂરતા પ્રમાણમાં પુસ્તકો તેમજ બહુમાધ્યમ પ્રણાલી દ્વારા દૂરવર્તી શિક્ષણ આપવામાં આવતું હોવાથી દૃશ્ય શ્રાવ્ય સાધનો પણ પૂરા પાડવા જોઈએ. આ માટે નાણાકીય સ્ત્રોત તેમજ ગ્રંથાલય સ્ટાફની ઉપલબ્ધતા પણ અનિવાર્ય છે.
કેન્દ્રોની સ્થાપના ઉપરાંત ગ્રંથાલયોએ દૂરવર્તી શિક્ષણની સગવડતા વધારવી જોઈએ. દુરવર્તી શિક્ષણ માટે ટ્યુટોરિયલ સપોર્ટએ આવશ્યક શરત છે. જે ગ્રંથાલય દ્વારા પૂરી પાડવા પ્રયત્ન કરવા જોઈએ ગ્રંથાલયોએ સ્ત્રોત કેન્દ્ર તરીકે કાર્ય કરવું પડશે સ્ટડી કેન્દ્રો સ્ત્રોત કેન્દ્રો વિશ્વવિદ્યાલયના વહીવટી કાર્યોનું બમણું કામ કરે છે. આ માટે ગ્રંથાલય તેમને મદદરૂપ થાય તેઓ દૂરવર્તી શિક્ષણ માટે જરૂરી શિક્ષણ સ્ત્રોતો પૂરા પાડે અથવા રાખે ગ્રંથાલયોએ સ્ત્રોત કેન્દ્રો તરીકે કાર્ય કરવું હોયતો કેટલાક પ્રશ્નોનો પણ સામનો કરવો પડે.

ગ્રંથાલય સ્ટાફ કોર્ષ ડેવલપમેન્ટના બધા સ્તરે સમવિષ્ટ હોવો જોઈએ. એટલે કે અભ્યાસક્રમમાં આયોજનની વિદ્યાર્થીઓના એડમીશન, અભ્યાસક્રમ નક્કી થાય પછી પુસ્તકો, જર્નલ, આર્ટિકલની વિસ્તૃત બિલ્લીઓગ્રાફી તૈયાર કરવી જોઈએ. તેને ખરીદીને અથવા આંતર ગ્રંથાલય ઉધરણ પદ્ધતિથી મેળવી આપવા જોઈએ. કોર્સના દરેક બ્લોક દીઠ ટુંકુ લીસ્ટ બનાવવું જોઈએ. બધા કેન્દ્ર પર પાઠયપુસ્તકોમાં અને સંદર્ભ પુસ્તકો મોકલી આપવા જોઈએ વિવિધ અભ્યાસક્રમોના લીસ્ટ જાહેર ગ્રંથાલયોને મોકલી આપવા જોઈએ. મુકત વિશ્વવિદ્યાલય ગ્રંથાલયે સહકાર સાધી વિસ્તૃત ભુમિકા ભજવવાની છે. દૂરવર્તી શિક્ષણનો ફેલાવો કરવાનું અને સ્વયં શિક્ષણ લોકો સુધી પહોંચાડવાનું કાર્ય ગ્રંથાલય પીઠબળ વીના શકય નથી. સમાજના તમામ વર્ગના લોકોને સ્વયંશિક્ષણની તક પૂરી પાડવા ગ્રંથાલયે શિક્ષણની ભૂમિકા ભજવવી પડશે. તે માટે કેન્દ્રોમાં ગ્રથાલય સેવા ઉપલબ્ધ કરાવવી પડશે. તે માટે સહકાર અને ભાગીદારી દ્વારા ગ્રંથાલયોની કાર્યદક્ષતા અને નાણાં ભંડોળમાં વધારો થશે. સાર્વજનિક, શૈક્ષણિક, વિશિષ્ટ ગ્રંથાલયો સાથે પણ સહકાર સાધી ગ્રંથાલય સેવા ઉપલબ્ધ કરાવી શકાય. પુસ્તકોની વધારે નકલો ખરીદીને કેન્દ્રના ગ્રંથાલયોને મોકલવી જોઈએ. મુખ્ય મથકના ગ્રંથાલયમાં રહેલ સાહિત્યના કેટલોગને ઓન લાઈન મુકવું જોઈએ. કે જેથી કરીને તમામ કેન્દ્રો તેનો લાભ લઈ શકે અને જરૂરીયાત ઊભી થતા તે સાહિત્ય મંગાવી ઉપયોગ કરી શકે. મુકત વિશ્વવિદ્યાલયના ગ્રંથાલયે કોઈપણ જાતના નાત, જાત, ઉંમર અથવા સામજિક આર્થિક રીતે પછાત લોકોની ભૂમિકા ધ્યાનમાં રાખ્યા સિવાય બધા વિદ્યાર્થીઓને માહિતી સ્ત્રોતોની પ્રાપ્તિની સ્વતંત્રતા અને સમાનતા પૂરી પાડવા ઝડપી બદલાતી જતી જરૂરીયાતોને ધ્યાને લઈ માહિતી અને વિચારોની ભૌતિક પ્રાપ્તિ પૂરી પાડવી. રાજયની બહાર રહેલા સ્ત્રોતોની પ્રાપ્તિ માટે પ્રોત્સાહન આપતું હોય તેવા નેટવર્ક સાથે ભાગીદારી કરી બહારના સ્ત્રોતનો ઉપયોગ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. માહિતી અને ટેકનોલોજી શૈક્ષણિક ઉપયોગમાં કુશળતા પુરી પાડવી જોઈએ. “દુરવર્તી શિક્ષણના ગ્રંથાલયોમાં નાણાંનો અભાવ, અપૂરતો સ્ટાફ વગેરે ગ્રંથાલય સેવામાં અસર કરી શકે પરંતુ તેને દૂર કરી ગ્રંથાલયોએ નીચે મુજબની ભૂમિકા ભજવવી જોઈએ.”

1. **વિશિષ્ટ ગ્રંથસંગ્રહ**
   દૂરવર્તી શિક્ષણનો શિક્ષક કેન્દ્રથી વિદ્યાર્થી કેન્દ્રી તરફ પ્રવાહ વહે છે. અહીં વિદ્યાર્થીએ ગ્રંથાલય પર આધાર રાખવો પડતો હોય છે. ગ્રંથાલયોએ વિશિષ્ટ રીતે વિદ્યાર્થીની જરૂરીયાતો ધ્યાનમાં રાખી ગ્રંથસંગ્રહ વસાવી વિદ્યાર્થીની જરૂરીયાત સંતોષવી જોઈએ.
2. **પોસ્ટલ લાઈબ્રેરી સેવા**
   વિદ્યાર્થીને જરૂરી પુસ્તકો કે સાહિત્ય બહારના સ્થળે તે જયાં મંગાવે ત્યાં ફોટોકોપી કરીને કે અન્ય કોઈપણ રીતે પોસ્ટ દ્વારા મોકલી આપવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.
3. **વિદ્યાર્થીને સલાહ સેવા**
   ગ્રંથાલયોએ આ વિદ્યાર્થીને પ્રવેશ, પરીક્ષા અને અન્ય જરૂરી સલાહ પુરી પાડવી જોઈએ. ગ્રંથપાલે સલાહકાર અથવા મદદકર્તા તરીકે વર્તીને માહિતીની મદદથી આવા વિદ્યાર્થીને મદદરૂપ થવું જોઈએ.
4. **ઉપભોકતા શિક્ષણ કાર્યક્રમો**
   ઉપભોકતા શિક્ષણ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થી ગ્રંથાલય પદ્ધતિઓ અને લે–આઉટ સમજવામાં મદદરૂપ બની શકે. આ કાર્યક્રમોમાં દસ્તાવેજોની માહિતીની પુનઃપસંદગીને શિક્ષણ કાર્યક્રમો સાથે એકત્રિત કરી શકાય.
5. **માહિતી કેન્દ્ર**
   પત્રવ્યવહાર દ્વારા સામાન્ય કારકિર્દી માર્ગદર્શન પુરુ પાડે તો તે ફળદાયી બને. વૈજ્ઞાનિક કારકિર્દી ઉપર પાયાની માહિતી તરફ,. માર્ગદર્શન કાઉન્સેલ સ્કીલસ પરીક્ષણ માટેની તકો, ક્ષમતા અને સર્જનાત્મક સહિત વિસ્તૃત કારકિર્દી કેન્દ્ર શરૂ કરી શકાય. દુરવર્તી શિક્ષણ માટે વિદ્યાર્થીઓ સામાન્ય વસ્તી, કારીગર, મજૂરો વગેરેમાંથી હોય છે. કે જેઓ સંજોગોવશાત પ્રણાલીકાગત શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી અને તેમને કારકિર્દી શિક્ષણમાં વધારે રસ હોય છે.

**6. હરતા ફરતા એકમો**

પુખ્ત ઉંમરના લોકો, વ્યવસાયિકો, મહિલાઓ, ગૃહિણીઓ, વિગેરે દુરવર્તી શિક્ષણના વિદ્યાર્થીઓ છે. આથી જો તેમને ગ્રંથાલયનો લાભ લેવો હોય તો ગ્રંથાલય વધુ નજીક હોવું જોઈએ. નાનાં નાનાં ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેલ દુરવર્તી શિક્ષણના વિદ્યાર્થીને ગ્રંથાલય સેવા પૂરી પાડવા માટે એક સાધનમાં (વ્હીકલ) પુસ્તકોનો સંગ્રહ અને મર્યાદિત સ્ટાફ સાથે મોબાઈલ લાઈબ્રેરી યુનિટની સેવા પુરી પાડી શકાય. ગુજરાત રાજયની મોટા ભાગની વસ્તી ગામડામાં વસે છે. ત્યાં આ ગ્રંથાલય સેવા ખૂબ જ અગત્યની બની રહે પુસ્તકોને લોકો સુધી પહોંચાડવા ગ્રંથાલય શાસ્ત્રના સુત્રને સાકાર કરવા બરાબર છે.

**7. સતત વસ્તી શિક્ષણ**

દૂરવર્તી શિક્ષણ ગ્રંથાલય પ્રવૃત્તિએ સામાન્ય જનસમુહને પોતાની રીતે સતત શીખવામાં મદદરૂપ થઈ શકે છે. લાખો લોકોને કારકિર્દી ઘડવામાં અને વ્યાવસાયિક ક્ષમતા સાધવામાં મદદરૂપ થઈ શકે છે. તથા લોકોને નિરક્ષરતા નિવારણ માટે પણ સેવા પૂરી પાડી શકે છે. પુસ્તકો અને બીજું સાહિત્ય સુસજ્જ કર્મચારીગણ નિરક્ષરતા નિવારવામાં તેમજ લોકોને તેમનું શિક્ષણ ચાલુ રાખવા શકિતશાળી સાધન પુરવાર થઈ શકે.

**8. વિસ્તરણ પ્રવૃત્તિઓ**

વિશિષ્ટ ગ્રંથાલય પ્રવૃત્તિઓ જેવી કે લેકચર સમુહો, વાચન વર્તુળો, ચર્ચા, સભા, ફિલ્મ શો, વાર્તાલાપ, પ્રદર્શન વગેરે દુરવર્તી શિક્ષણના વિદ્યાર્થીના વાંચન રસ વધારવામાં ઉપયોગી થાય છે અને તેમનો વાંચન પ્રોત્સાહિત કરે છે. રેડિયો, ઓડિયો, ટી.વી., વીડિયો કેસેટ, ફિલ્મ શો વગેરે જેવી સંચાર વિનિયનની પદ્ધતિ દ્વારા પણ દુરવર્તી શિક્ષણ પદ્ધતિમાં વિસ્તરણ પ્રવૃત્તિઓ યોજી શકાય છે અને વિશિષ્ટ વિષય પર વિશિષ્ટ વકતાને આમંત્રી શકાય.

**12. કેન્દ્રોના ગ્રંથાલયો**

કેન્દ્રોએ મુકત વિશ્વવિદ્યાલયના હૃદય સમાન છે. કેન્દ્રોએ યુનિવર્સિટી અને વિદ્યાર્થીએ જોડતી કડી છે. મુકત વિશ્વવિદ્યાલયના વિકાસ માટે મુખ્ય ગ્રંથાલયની સાથે સાથે કેન્દ્રોના ગ્રંથાલયોએ પણ મહત્વની ભૂમિકા ભજવવી પડશે. કેન્દ્રોના ગ્રંથાલયો તેમના નિયમિત ઉપભોકતાની સેવાઓ પુરી પાડવામાં વ્યસ્ત હોય છે પરંતુ તેમણે દુરવર્તી શિક્ષણમાં પોતાની ભૂમિકા ભજવવી જોઈએ. નાણાંનો અભાવ, અપુરતો લાઈબ્રેરી સ્ટાફ, ટેકનિકલ માણસોનો અભાવ વગેરે ઘટકો સેવાઓ પુરી પાડવામાં અસર કરે છે. તેમ છતાં ગ્રંથાલયો પોતાની ભૂમિકા ભજવવી જોઈએ. મુકત વિશ્વવિદ્યાલય દ્વારા કેન્દ્રો ચલાવાય છે પરંતુ તેઓ ગ્રંથાલય સેવાની દ્દષ્ટિએ પછાત છે. કેટલાક કેન્દ્રો પર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા ગ્રંથાલય સેવા ઉપલબ્ધ કરાવાય છે પરંતુ પુસ્તક સંગ્રહ અને સેવાઓની દ્દષ્ટિએ અપૂરતા હોય છે દરેક કેન્દ્ર પર ગ્રંથાલયની સગવડ પુરી પાડવા માટે કેન્દ્રોની સ્થાપના વખતે કેન્દ્રો પોતાના ગ્રંથાલયનો ઉપયોગ કરવા દે તેવું આયોજન કરવું જોઈએ. કેન્દ્રો પોતાના ગ્રંથાલયના ઉપયોગ કરવા દેવાની વિદ્યાર્થીને બહોળા પ્રમાણમાં માહિતી અને સેવાઓ પ્રાપ્ત થઈ શકશે અને જરૂરી માહિતી મેળવવા માટે મુખ્ય મથક સુધી જવાની જરૂરીયાત રહેશે નહી. આને કારણે વિદ્યાર્થી પોતાનો સમય અને નાણાંની બચત કરી શકશે અને બચાવેલ સમય અને નાણાં તે શિક્ષણ મેળવામાં વાપરી શકે તો યુનિવર્સિટી પોતાના વિકાસમાં કુદકે ને ભૂસકે આગળ વધી શકે.

મુકત વિશ્વવિદ્યાલય દ્વારા મોકલવામાં આવતા પુસ્તકો, સામયિકો, દૃશ્ય–શ્રાવ્યો સાહિત્યને કેન્દ્રોમાં ગ્રંથાલયો પોતાના (સંસ્થાના) ગ્રંથાલયમાં અલગ રીતે રાખીને આ ગ્રંથસંગ્રહની સાથે સાથે સંસ્થાના ગ્રંથાલયનો પણ ઉપયોગ કરવા દે તો વધારે સારી રીતે ગ્રંથાલય સેવા ઉપલબ્ધ કરાવી કેન્દ્રોના ગ્રંથાલયો દૂરવર્તી શિક્ષણમાં સારી ભૂમિકા ભજવી શકે. મુકત વિશ્વવિદ્યાલય દ્વારા On Campus અને Of Campus સેવા આપવી જોઈએ.

**13. મુકત વિશ્વવિદ્યાલય ગ્રંથાલય સેવા સુધારવાના સુચનો**

દૂરવર્તી શિક્ષણની જરૂરીયાત સંતોષવા માટે લાયબ્રેરી સેવાઓ કેવી રીતે સુધારવી? તે અંગેના કેટલાક સૂચનો નીચે મુજબ છે.

***13.1 ગ્રંથાલય કાયદો***

ગ્રંથાલય કાયદા દ્વારા જાહેર ગ્રંથાલય પદ્ધતિ મજબુત બનાવી તેનો દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે ઉપયોગ કરવો જોઈએ.

***13.2 ઉપભોકતા શિક્ષણ***

દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીને ગ્રંથાલયનો ઉપયોગ કરવા માટે ઉપભોકતા શિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરીને તાલીમ આપવી જોઈએ.

**13.3 ઉપભોક્તા સર્વેક્ષણ**

મુક્ત વિશ્વવિદ્યાલય અને કેન્દ્રોના ગ્રંથાલયોએ વિદ્યાર્થીઓની જરૂરીયાત જાણવા માટે એ જરૂરી સુધારા માટે ફિડબેક મેળવીને તેનું સર્વેક્ષણ કરવુ જોઈએ.

**13.4 ઉપભોક્તા મદદ**

દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્યો લખવા માટે ગૂંચવાતા હોય છે તેમનું સ્વાધ્યાય પુર્ણ કરવા માટે ગ્રંથાલય સંદર્ભ સેવા અને ઉપભોક્તા મદદ પુરી પાડવી જોઈએ.

**13.5 આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ**

ગ્રંથાલયોએ સેટેલાઈટ સંચાર વિનિમયના માધ્યમો, ટીવી, કોમ્પ્યુટર, નેટવર્ક,વીડીયો ઓડિયો કેસેટસ રેકોર્ડર અને સાધનો વસાવવા જોઈએ.

**13.6 માનવશક્તિ વિકાસ**

માર્ગદર્શક તરીકે કાર્ય કરે તે માટે ગ્રંથાલયોએ વ્યાવસાયિક સ્ટાફને સાંકળવા જોઈએ.

**13.7 ગ્રંથાલય વિસ્તરણ સેવાઓ**

મોબાઈલ ગ્રંથાલયો દૂરવર્તી શિક્ષણ અભ્યાસક્રમો સબંધિત પર પ્રદર્શનો, વાર્તાલાપ, સેમીનાર સમિવિષ્ટ કરવા માટે ગ્રંથાલય સેવાઓ વિસ્તૃત કરવી જોઈએ.

**13.8 ફાઈનાન્સ**

મુક્ત વિશ્વવિદ્યાલય ગ્રંથાલય અને કેન્દ્રોના ગ્રંથાલયોને સમૃદ્ધ કરવા માટે નાણાંકીય મદદ સમયસર પૂરી પાડવી જોઈએ.

**13.9 ગ્રંથાલય નેટવર્ક**

મુક્ત વિશ્વવિદ્યાલય અને કેન્દ્રોના ગ્રંથાલયોનું નેટવર્કની સ્થાપના કરવી જોઈએ. ઓન લાઈન ગ્રંથાલય કોમ્પ્યુટર કેન્દ્ર (OCLC) અને યુનીયન કેટલોગનો ઉપયોગ કરવો જોઈએ આ કો–ઓપરેટીવ પ્રાપ્તિ વગેરેનું સંકલન ગ્રંથાલય સ્ત્રોતોની ભાગીદારી માટે ખુબ જ ઉપયોગી છે.

**13.10 ગ્રંથાલય શિક્ષણ**

દૂરવર્તી શિક્ષણના બધા જ અભ્યાસમાં લાઈબ્રેરીનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવું જોઈએ. તેનાથી વિદ્યાર્થી ગ્રંથાલય વિશે માહિતીગાર થશે.

**૧૪. દૂરવર્તી શિક્ષણના વિકાસ માટે આટલું થઈ શકે**

(૧) યુનિવર્સિટીના પ્રચાર અને પ્રસાર માટે ગ્રંથાલયનો પ્રથમ સ્ત્રોત તરીકે ઉપયોગ કરવો.

(૨) જિલ્લા/ તાલુકા/ રાજય ગ્રંથાલયોના સાર્વજનિક ગ્રંથાલયોમાં યુવિનર્સિટીએ પોતાની પ્રકાશિત વાચન સામગ્રી (અભ્યાસ સામગ્રી) ભેટ સ્વરૂપે મોકલવી જોઈએ તેમજ યુનિવર્સિટીની અભ્યાસક્રમની માહિતી આપતા ચોપાનિયા તેની નોટીસ બોર્ડ પર મુકાવવા જોઈએ.

(૩) યુનિવર્સિટી/કોલેજ ગ્રંથાલયો દૂરવર્તી શિક્ષણ પદ્ધતિમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પોતાના ગ્રંથાલયની સેવા (નિયમોને આધીન) આપે તેવું આયોજન કરવું જોઈએ.

(૪) ઓપન યુનિવર્સિટીએ સ્ટડી સેન્ટરની સ્થાપના માટે જે યુનિવર્સિટી/કોલેજ પોતાના ગ્રંથાલયની સેવાનો લાભ દૂરવર્તી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીને આપે તેને અગ્રિમતા આપવી જોઈએ.

(૫) સંયોજકો/ઈન્ચાર્જ તરીકે લાયબ્રેરીયનને સ્થાન આપવું જોઈએ.

(૬) “આંતર ગ્રંથાલય સેવા” દ્વારા ગ્રંથાલય સેવા સુલભ કરાવવી જોઈએ.

(૭) “NET Working” નું આયોજન શકય હોય તો કરવું જોઈએ (Inflibnet) ની જેમ.

**સંદર્ભ પુસ્તક**

1. Sewart Devid, (1986). Desmond keegan & Borje Halbery ‘on befining distance education’14 Distance education: Inter national Prospective led London: Roultedge. 26
2. Mills,J Encyclopaedia of Ditance Education Vol. 1 to 4 New Delhi, Anmol Publication
3. Kaliamma, A. (2005). Thamaraisely Role of ICTS in library and Information Science Delhi: Authors press.
4. Isaac, K.A. & Devarajan.G Ed. Library in distance education New Delhi : ESS Publication
5. Wastson, E., Elizabeth, F. & Jagannathan, (1998). Neela library servies to Distance learners in the commonwealth. Hyderabad, book Links Corporation.
6. Umesha, Mudhol, Mahesh and khan, K.M. (1904). A Handbook on Distance Education with Special Reference to library and Information scienc in India. New Delhi, Ess publication.